# નવરંગ



PG.4
BIG SCREEN...
ટીવીથી ફિલ્મો સુધીની મજલ



PG.4
વાતચીત... એકતા કપૂર
દર્શકોને ઈમોશન જોઈએ

દિલ સે...
SUSHANT SINGH RAJPUT



એન્જિનિયરિંગ છોડીને એક્ટર બનવા આવેલા સુશાંત સિંહ રાજપૂતની ફિલ્મો તેની સફળતા અને સંઘર્ષની કહાની રજૂ કરે છે. ગયા વર્ષે મહેન્દ્ર સિંહ ધોની બનીને ફેન્સનાં દિલમાં વસેલો સુશાંત 'રાબ્તા'માં મોડર્ન લવર અને કોઈ પ્રાચીન યુગના યોદ્ધા રૂપે સ્ક્રીન ઉપર જોવા મળશે.

આ મુલાકાતમાં તેણે પાત્રમાં ઊંડા ઊતરવાની ખાસ તૈયારી અને ખુદ પર લાગેલા આરોપો અંગે સ્પષ્ટતા કરવાના અંદાજમાં સલોની અરોરા સાથે વાત કરી

> હું દર્શકોને મારું અગત્યનું કામ છોડીને મારી વાર્તા સાંભળવા માટે તો જ બોલાવી શકું જ્યારે હું ખરેખર એવો જ દેખાતો હોઉં. દર્શકો મારા માટે આવે છે ત્યારે મારી એ જવાબદારી બને છે કે તેમને સારી વાર્તા આપું.

## સારી વાર્તા આપવી મારી જવાબદારી છે

**'રાબ્તા'ને 'મગધીરા' સમાન કહેવાઈ રહી છે?**
આપણે સૌ બહુ ઝડપથી ધારણા બાંધી લઈએ છીએ. સ્ક્રીન પ્લેના પુસ્તકમાં લખ્યું છે કે આઠ પ્રકારની વાર્તા હોય છે. એને તમે જુદા જુદા કોમ્બિનેશમાં બનાવો છો. 'રાબ્તા' પુનર્જન્મની કહાની છે એટલે 'મગધીરા' સાથે જોડી દેવાઈ. 'મગધીરા' જેઓએ નથી જોઈ, તેમણે 'કરણ-અર્જુન' સાથે જોડી. પછી લાગ્યું કે એમાં બે છોકરા હતા અને આમાં તો એક છોકરો અને એક છોકરી છે.

**Q એક મોડર્ન અને એક રાજા-રાણીની વાર્તા છે?**
હું ફિલ્મમાં રાજા નથી. 'એપોક્લેપટો' ફિલ્મ જેણે જોઈ છે, તેમને હશે કે એમાં હીરો રાજા નહોતો. એ વાર્તામાં એક પાત્ર સિવિલાઈઝ્ડ છે અને બીજું પાત્ર જંગલી છે. અમારી વાર્તા આનાથી પણ અલગ છે.

**Q પુનર્જન્મનો ફંડા તો સિમ્પલ છેને?**
હા, 50 અને 60ના દાયકામાં હીરો-હિરોઈનને જૂની વાતો યાદ આવે છે. પહેલાં જ પ્રેમ થઈ જાય છે કે પછી છોકરો છોકરી પાછળ જાય છે અને પ્રેમ થઈ જાય છે. કેટલીક વાર્તામાં વિલન પણ હોય છે. આ વાર્તા તમામ દાયકામાં હિટ છે.

**Q આ ફિલ્મની વાર્તા અલગ કેવી રીતે છે?**
અમારી વાર્તામાં ફેર એટલો છે કે આને આજના સમયની વાર્તા સાથે જોડવામાં આવી છે. અમે પુનર્જન્મ ક્રિએટ કરવાનો પ્રયત્ન કર્યો. અમે તદ્દન અલગ ફિલ્મ બનાવી અને એને હકીકતની નજીક દર્શાવી.

**Q તું ફિલ્મમાં યોદ્ધા છે?**
ફિલ્મમાં તે અગાઉના જન્મનો યોદ્ધા દર્શાવવામાં આવ્યો છે. મારા ફક્ત ત્રણ ફાઈટ દૃશ્ય છે, પણ તમને જરૂર લાગશે કે ખરેખર યોદ્ધા છે.

**Q આની ટ્રેનિંગ પણ વિશેષ રહી હશે?**
એક મહિનો બેંગકોકમાં સ્ટંટ ટ્રેનિંગ લીધી. ડીઓપી અને પ્રોસ્થેટિક મેકઅપ આર્ટિસ્ટ હોલિવૂડથી આવેલા. એક્સેસરીઝ પણ એ યુગની દેખાડવાનો પ્રયત્ન કર્યો છે. એ 20 મિનિટમાં તમને લાગશે કે આ બધું ખરેખર બન્યું છે. કદાચ આવું અગાઉ કોઈએ નહીં જોયું હોય.

**Q પ્રોસ્થેટિકમાં બહુ સમય લાગે છે?**
હા, મેકઅપ કરવામાં ત્રણ કલાક થતા. હું ખુદ મારા લુક સાથે કન્વિન્સ હોઉં તો બાકીના લોકોને સમજાવી શકું. મેકઅપનું સિટિંગ ત્યારે મારા માટે મેડિટેશન બની ગયું હતું.

**Q પ્રોસ્થેટિક મેકઅપનું કોઈ પસંદગીનું પાત્ર?**
બ્રાડ પિટની ફિલ્મ 'ક્યુરિયસ કેસ ઓફ બેન્જામિન બટન'માં ઘણા લુક હતા. એક વૃદ્ધનું પાત્ર પણ હતું. તેને કોઈ ઓળખી શકતું નહોતું.

**Q શૂટિંગ લોકેશન પણ મુશ્કેલ હતું?**
અમે ત્રણ-ચાર દેશમાં શૂટિંગ કર્યું છે. મોરેશિસમાં ગાઢ જંગલ છે. ત્યાં ઘણું બધું શૂટિંગ કર્યું છે. મારા મોટા વાળ, કપડાં, ટેટુ મને એ ફીલ આપતાં હતાં કે હું એ જ માણસ છું. એ તલવાર જાણે મારા માટે જ બની હતી. હું યોદ્ધા છું.

**Q ફિલ્મની તૈયારીમાં તું લોકો સાથે કનેક્ટ રહેતો નથી. કેમ?**
હું દર્શકોને મારું કામ છોડીને મારી વાર્તા સંભળાવવા માટે તો જ બોલાવી શકું, જ્યારે હું ખરેખર એવો દેખાતો હોઉં. દર્શકો મારા માટે આવશે તો મારી પણ એ જવાબદારી બને છે કે હું તેમને સારી વાર્તા આપું. મારા ઉપર પણ પ્રેશર હોય છે.

**Q પ્રેસ કોન્ફરન્સમાં પત્રકાર સાથે વાદવિવાદ મામલે શું કહીશ?**
ક્રિકેટ મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં કેપ્ટનને સેન્સેક્સ કે સર્જિકલ સ્ટ્રાઈક વિશે નથી પૂછવામાં આવતું. મેં નિપોટિસ્મ અને રંગભેદ બાબતે વાત કરી હતી, પણ આ મામલો મને એવો ન લાગ્યો કે મારે કંઈ બોલવું જોઈએ.

**Q શું કારણ છે?**
હું દરેક વિષય બાબતે નથી જાણતો. વગર કારણે હું મારો મત આપવા નથી માગતો કે હા આવું હોવું જોઈએ. મને પૂરી જાણકારી હોય તો જ હું બોલીશ નહીં તો કહી દઈશ કે ખબર નથી. આ જ યોગ્ય રીત છે, પણ મને ખરાબ માણસ તરીકે ચીતરવામાં આવ્યો. જ્યાં મારા સલાહ-સૂચનો કોઈ નિર્ણયને અસર કરશે તો જ હું કોઈ બાબતે વાતચીત કરી શકીશ, નહીંતર હું શા માટે કહું!

**Q બોક્સ ઓફિસના આંકડા પ્રભાવિત કરે છે?**
હું મારું કામ પ્રામાણિકતાથી કરું છું. આશા રાખું છું કે મારા પ્રોડ્યુસરને ફાયદો થાય. તે પૈસા કમાશે તો વધુ ફિલ્મો બનાવશે. આનાથી વધારે કંઈ અપેક્ષા નથી રાખતો.

### RAPID FIRE

**કુટેવ**
કોલેજમાં મારું રેગિંગ થયું હતું. ત્યારે સિનિયર્સે મને સિગારેટ પીવડાવી દીધી હતી. એ પછી મને આદત પડી ગઈ. છુટકારો મેળવવાનો પ્રયત્ન કરું છું.



**ખરાબ આદત**
હું બહુ ચૂપ રહું છું.

**ચૂપ રહેવાનું કારણ**
મને લાગે છે કે લોકો બોલે છે તો તેમને જ બોલવા દઉં. કદાચ એવું પણ લાગે કે મને એમાં વધારે રસ નથી કે મારી પાસે કંઈ બોલવા માટે નથી.

**કેમ નથી?**
મારી પાસે સમજવા માટે ઘણું બધું છે તેથી ઓછું બોલું છું.

### ... બસ ચર્ચા થઈ ગઈ



**કો-સ્ટાર કૃતિ સેનન સાથે લિંકઅપ બાબતે શું કહીશ?**
*મેં થોડા દિવસ અગાઉ કાર ખરીદી. કેટલાય લોકોએ ફોટો ક્લિક કર્યા, પણ છપાયા નહીં. બીજા દિવસે હું અને કૃતિ એકસાથે એક જ સ્થળે જઈ રહ્યાં હતાં. મેં કાર લીધી તો દોસ્તોને તો દેખાડી જ છીએને! મેં પણ એવું જ કર્યું અને ગાડીમાં હું ડ્રાઈવ કરી રહ્યો હતો. બસ, આ વાતની ચર્ચા થઈ ગઈ.*

---

સ્પેશિયલ રોલ

## મારી ફિલ્મ વર્લ્ડ ક્લાસ હોરર છે

**હુમા કુરેશી તેના ભાઈ સાકિબ સાથે હોરર ફિલ્મ 'દોબારા'માં જોવા મળશે. તે હોરરમાં ગ્લેમર મિક્સ કરવાના પક્ષમાં નથી. તે એવું પણ માને છે કે ભાઈ સાથે કામ કરવું વધારે અઘરું રહ્યું**



હુમા કુરેશી કહે છે, 'મારી આગામી ફિલ્મ નાનકડી છે, પણ કન્ટેન્ટ સારું છે. ટ્રેલર આવ્યા પછીથી અમને સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. ભારતમાં અત્યાર સુધીમાં સારી હોરર બની નથી. અમારો પ્રયત્ન વર્લ્ડ ક્લાસ હોરર ફિલ્મ બનાવવાનો હતો.' હુમા સ્પષ્ટ કહે છે, 'હું હોરર સાથે ઉત્તેજનાનો મસાલો પીરસવાના પક્ષે નથી. હું સારી ફિલ્મ સાથે હંમેશાં જોડાઈ છું. ઘણા લોકો આ પ્રકારની ફિલ્મો કરી રહ્યા છે, પણ હું નથી કરી શકતી. આમ પણ આ ફિલ્મ હું મારા ભાઈ (સાકિબ સલીમ) સાથે કરી રહી છું એટલે એવું કોઈ કન્ટેન્ટ દર્શકો પણ પસંદ નહીં કરે. હોરર ફિલ્મ પણ એવી હોય કે જે ફેમિલી સાથે જોઈ શકાય. આપણી ઈન્ડસ્ટ્રીમાં પહેલી વાર સુપર નેચરલ ફોર્મેટમાં ભાઈ-બહેનની વાર્તા છે, જેમાં રિયલ ભાઈ-બહેન જ રોલ નિભાવી રહ્યાં છે.' પોતાના ડર વિશે તે કહે છે, 'મને ફક્ત અંધારાથી ડર લાગે છે બાકી કોઈ વસ્તુનો નહીં.'

ભાઈ સાથે કામ કરવા બાબતે તે કહે છે, 'ભાઈ સાથે કામ કરવું જરાય સરળ નહોતું. તમે એકબીજાને જાણો છો, પણ એક્ટર તરીકે તમે એકબીજાને નથી ઓળખતા. હું તો સેટ પર પણ મોટી બહેન બની જતી હતી. તેમણે ખાધું કે નહીં એવા સવાલ કરતી હતી. મને એ શીખવા મળ્યું કે સેટ પર તો એક્ટર જ બન્યા રહેવું જોઈએ. તેમની સ્પેસમાં મારે ન જવું જોઈએ. સાકિબ બહુ સારો એક્ટર અને કો-સ્ટાર છે. આ અગાઉ પણ તેણે જે ફિલ્મો કરી છે એના કો-સ્ટાર તેના દોસ્ત બની ગયા છે. તેની સાથે કામ કરીને સમજાયું છે કે તે બહુ કમ્ફર્ટ લેવલ આપે છે. અમે એક્ટિંગમાં દખલ નથી દેતાં. સ્ક્રિપ્ટ અને દૃશ્યો પર અમે વાત કરતાં, પણ એકબીજાને સલાહ નહોતાં આપતાં. ભાઈ-બહેનની લડાઈને પડદા ઉપર જરૂર લાવ્યાં છીએ જે અમે રિયલ લાઈફમાં પણ કરીએ છીએ.'

■ નવરંગ નેટવર્ક

---

સેલિબ્રેશન

## ગોલ્ડન જ્યુબલી અને 300મી ફિલ્મ



શ્રીદેવી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 50 વર્ષ પૂરાં કરી રહી છે. જુલાઈમાં રિલીઝ થનારી તેની ફિલ્મ 'મોમ' તેની 300મી ફિલ્મ છે. આ ફિલ્મ અને રિલીઝને ખાસ બનાવવાની તૈયારી તેના નિર્માતા પતિ બોની કપૂર કરી રહ્યા છે. 7 જુલાઈ, 1967ના રોજ શ્રીદેવીએ પ્રથમ શૂટિંગ કર્યું હતું. પચાસમા વર્ષને અત્યંત ખાસ બનાવવા માટે ફિલ્મની રિલીઝ તારીખ પણ એ જ રાખવામાં આવી છે. દક્ષિણના કેટલાય નિર્માતાઓએ પણ પ્રાદેશિક ભાષામાં આ ફિલ્મ રિલીઝ કરવાની જાહેરાત કરી છે. કપૂરે આ ફિલ્મ તમિલ, તેલુગુ અને મલયાલમમાં રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે.

સાંઈ મહાકાલી જ્યોતિષ
કોઈપણ કામ માટે પૈસા બગાડાયેલા ખાસ સંપર્ક કરો
Love Problem એકતરફી પ્રેમ લવમેરેજ સુપર સ્પેશ્યાલિસ્ટ
કોઈપણ કામ રૂ. ૧૦૦૦માં
70468 59725 ઘરેબેઠા કામ વાતગુપ્ત રહેશે

શિવકૃપા જ્યોતિષ
શિવ ઉપાસક ગોલ્ડ મેડાલિસ્ટ
લવપ્રોબ્લેમ, એકતરફી પ્રેમ, પ્રેમીવશ સ્પે.
નિરાશ થયેલા ભાઈઓ-બહેનો ખાસ મળો.
અમદાવાદ. (દરેક વાત ગુપ્ત રહેશે)
9998852496

ૐ સાંઈ શિવ જ્યોતિષ
Famous Astrologer in UK, USA, Canada & India
આકર્ષણપ્રયોગ, શત્રુનાશ, સૌતનમુક્તિ
One Side Love Sp.
પતિ-પત્નીના અણબનાવ, ધારેલી વ્યક્તિનું મિલન, સગાઈ-લગ્નમાં રુકાવટ, છુટાછેડા, દારૂ છોડાવો.
મુસ્લીમ ભાઈઓ-બહેનો પણ લાભ લઈ શકે છે.
બધી જગ્યાએથી નિરાશ થયેલા ખાસ મળો.
9998107348

મહામાયાવી જ્યોતિષ
સ્પેશ્યાલીસ્ટ ગુપ્તધન
લવ પ્રોબ્લેમ • પ્રેમી-પ્રેમીકાનું મિલન
શત્રુનાસ • મેલીવસ્તુ • પ્રેમી પ્રેમીકાની સગાઈ તોડાવવી
બગડેલા સંબંધ સુધારવા • એકતરફી પ્રેમ • છુટાછેડા
ધાર્યું કામ, પ્રેમલગ્ન, લવ મેરેજ માટે મંજૂરી
ધંધા-ફેક્ટરીમાં નુકશાન, દારૂ છોડાવો
જૂના તૂટેલો પ્રેમ પાછો મેળવો
લવબ્રેકઅપનું પરફેક્ટ સોલ્યુશન
ફોન-આંગડીયાથી ઘરે બેઠા કામ
One Call Change your Life
9662337490